**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૬/૦૪/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૨૯/૧૮**

**રામોલ પોલીસ સ્ટેશન :**

## ઇગ્લીંશ દારુની હેરાફેરી કરતા ઇસમને પકડી કિ.રૂ. ૬,૦૨,૧૫૦/૦૦ /- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

## ગણનાપાત્ર

ઉપરી અંધિકારીશ્રીઓ મે.પોલીસ કમિશ્નર સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુ જુગારની બદી નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ પણ સર્વે સ્કોડના માણસોને આવી પ્રવુતી કરતા ઇસમોની વિરુધ્ધ કાર્યવાહી કરવા સુચના કરેલ જે અનુસંધાને આજરોજ સર્વે સ્કોડના પોસઇશ્રી એ.ઓ.ભરવાડ સાહેબ તથા સાથેના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાન તેઓને સાથેના પોકો સતીષભાઇ બાબુભાઇ તથા પોકો ચિરાગભાઇ ભુપતદાન નાઓને કલાક ૧૪/૪૫ વાગે સંયુક્ત બાતમી હકીક્ત આપેલ કે મહાદેવ એસ્ટેટની પાછળ રામાજીના કુવા પાસે ખુલ્લા મેદાન આગળ એક એમ્બ્યુલંસ અને એક ઓટોરીક્ષામાં બે ઇસમો કેટલોક ઇગ્લીશ દારુનો જથ્થો રાખીને ઇગ્લીશ દારુની ડીલીવરી કરે છે અને પ્રવુતી ચાલુ છે જેથી બાતમી હકીક્ત આધારે તેઓએ બે પંચોના માણસો બોલાવીને સાથેના સ્ટફના માણસો સાથે જઇ જોતા એક એમ્બ્યુલંસ અને એક ઓટોરીક્ષા ઉભેલ હોય અને તેની પાસે બે ઇસમો હાજર હોય જેથી પંચોને ઇશારાથી બતાવેલ અને નજીક જઇ વાહનમાંથી નીચે ઉતરીને તરતજ રેડ કરતા પોલીસના માણસોને જોઇને બંન્ને ઇસમો ભાગેલ જે ઇસમો પાછળ સ્ટાફના માણસો દોડેલ અને બંન્ને માંથી એક ઇસમને પકડી લીધેલ અને બીજો ઇસમ મેદાનમાંથી આગળ કોટ કુદીને ભાગી ગયેલ અને પકડાયેલ ઇસમને એમ્બુલંસ અને રીક્ષાની પાસે લાવીને તેનુ પંચોની રુબરુ નામઠામ પુછતા પોતાનુ નામ ખેમરાજ રામકિશોર રાઠોડ ઉવ ૧૯ રહે મનં૧૦,શ્રી યમુનાજીપાર્ક ન્યુ આરટીઓની પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેરનાનુ હોવાનુ જણાવેલ અને ભાગેલ ઇસમ કોણ હતો તે બાબતે પુછતા તેને જણાવેલ કે એમ્બ્યુલંસનો ચાલક નામે દીપક રામવીર  રાઠોડ રહે કુભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર અવાદ નાનો હોવાનુ જણાવેલ ત્યાં ઉભેલ એમ્બ્યુલંસ નો નંબર જોતા જી જે ૦૧ ઇટી ૧૩૧૮ નો લખેલ હોય જે એમ્બ્યુલંસમાં જોતા જેમાં ૧૮૦ મીલીના પ્લાસ્ટીકના ક્વાર્ટર બોટલનો ઇગ્લીશ દારુનો જથ્થો ભરેલ હોય તેમજ ઓટોરીક્ષા નો નંબર જોતા જી જે ૦૦૧ સીટી ૨૮૩૦ ની હોય જેમાં પણ ૧૮૦ મીલીના પ્લાસ્ટીકના ક્વાર્ટર બોટલનો જથ્થો ભરેલ હોય જેથી તે બહાર કાઢીન ગણી જોતા કુલ્લે ૧૬૫૦ નંગ પ્લાસ્ટીકની ઇગ્લીશ દારુની ૧૮૦ મીલીની બોટલો ભરેલ મળેલ જે એક નંગની કિરુ ૭૫ લેખે ૧૬૫૦ નંગની કિરુ ૧,૨૩,૭૫૦/૦૦ તેમજ  એમ આઇ કંપનીનો મોફોન કિરુ ૩૦૦૦/૦૦ તથા રોકડ રુપિયા ૪૦૦/૦૦ તથા એમ્બ્યુલંસ કિરુ ૪,૫૦,૦૦૦/૦૦ તથા રીક્ષા ની કિમત રુપિયા ૨૫,૦૦૦/૦૦મળી કુલ્લે રુપિયા ૬,૦૨,૧૫૦/૦૦ ના મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપીને તા.૧૫.૪.૨૦૧૮ના કલાક ૧૬/૦૦૦ વાગે અટક કરીને પોસઇ એ.ઓ.ભરવાડે કાયદેસરની કાર્યવાહીકરેલ છે તપાસ ચાલુ છે.

## માથાભારે અને ઝનુની સ્વભાવના ખંડણીખોર આરોપીને પકડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધિકારીશ્રીઓ મે.પોલીસ કમિશ્નર સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ નાઓ તરફથી ગુનાના કામે નાસ્તા ફરતા આરોપીઓને પકડવા માટે અમોને સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વેલંસ સ્કોડના માણસોને આવા આરોપીઓને સત્વરે પકડી અટક કરી કાયદેસર કરવા જણાવેલ જે આધારે સર્વેલંસ સ્કોડના પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓ સ્ટાફના માણસોએ રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં ૬૧/૧૮ ધી ઇપીકો કલમ ૩૮૫. ૩૮૭. ૨૯૪(ખ) .૫૦૬(૧). ૧૧૪ મુજબના ગુનાનો પકડવાનો બાકી માથાભારે અને ઝનુની સ્વભાવનો આરોપી નામે જહીરુદ્દીન @ બાબર અબ્દુલ ગફાર અંસારી ઉવ ૫૦ રહે- ૧૯૪૨/૧૦ પટેલની ચાલ, કામદાર મેદાન ગોમતીપુર અમદાવાદ શહેર નાને તા.૧૫.૪.૨૦૧૮ ના કલાક ૧૬/૪૫ વાગે પકડી અટક કરી પોસઇ એ.ઓ.ભરવાડ સાહેબે કાયદેસર કાર્યવાહીકરેલ છે.

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :**

### એલીસબ્રીજ વિસ્તારમાં હોટલ અર્બનમાં ક્રિકેટ સટ્ટો લખતાં સટોડીયાને ઝડપી પાડતી એલીસબ્રીજ પોલીસ

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન પ્રો.પો.સ.ઈ. શ્રી એ.પી. જેબલીયા નાઓને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે, " એલીસબ્રીજ નગરી હોસ્પિટલની સામે આવેલ અરબન હોટલ ના રૂમ નં- ૨૦૨ માં સુરેશભાઈ રામસ્વરૂપ યાદવ નામનો માણસ પોતાના કબ્જા ભોગવટાના હોટલના રૂમમાં હાલમાં ચાલતી IPL ટુર્નામેન્ટ જેમાં રાજસ્થાન રોયલ્સ VS રોયલ ચેલેન્જ બેંગ્લોર ની T20 ક્રિકેટ મેચ ઉપર ગે.કા. ક્રિકેટ સટ્ટા બેટિંગની પ્રવુતિ ચલાવે છે. અને હાલમાં પ્રવુતિ ચાલે છે." જે વિગેરે હકીકત આધારે હોટલ અર્બન ના રૂમ નં ૨૦૨ ખાતે રેઈડ કરતાં આરોપી સુરેશભાઈ રામસ્વરૂપ યાદવ ઉવ.૩૬ રહે, હાલ ૨૦૨ અર્બન હોટલ નગરી હોસ્પિટલની સામે એલીસબ્રીજ અમદાવાદ શહેર મુળ વતન જૈન મંદિર ની સામે ઓસ્વાલ મોહલ્લો કિશનગઢ જી. અજમેર રાજસ્થાન નો હાજર મળી આવેલ જે હોટલની કાળા કલરની એલ.ઈ.ડી. ટીવી માં STAR SPORT'S SELECT નામની ચેનલ ઉપર હાલમાં ચાલતી IPL ટુર્નામેન્ટ ની રાજસ્થાન રોયલ્સ VS રોયલ ચેલેન્જ બેંગ્લોર ની મેચ ઉપર બોબડી લાઈન પર સટ્ટો લખતો હોય જે સદરી ઈસમના કબ્જા ભોગવટાના રૂમમાંથી ક્રિકેટ સટ્ટો રમવાના સાધનો મો.ફોન નંગ-૪ કિ.રૂ.૪૨,૦૦૦/- તથા સ્પાયરલ ચોપડો અને બોલપેન નંગ-૧ કિ.રૂ. ૦૦ તથા એલ.જી. ટીવી નંગ-૧ કિ.રૂ.૪૦,૦૦૦/- તથા એરટેલ સેટ-અપ બોક્ષ નંગ-૧ કિ.રુ. ૧૦૦૦/- તથા રોકડા નાણાં રૂ. ૨૫૦૦૦/-તથા લેપટોપ નંગ-૧ કિ.રૂ. ૨૦,૦૦૦/- તથા હોટલની ચીપવાળી ચાવી કિ.રૂ. ૦૦ મળી કુલ્લે રૂ. ૧,૨૮,૦૦૦/- ની મતાનો મુદામાલ કબ્જે કરી આરોપી સુરેશભાઈ રામસ્વરૂપ યાદવ નાને પુછતા આ કીકેટ સટ્ટો પોતાના અર્થિક લાભ સારૂ પવનભાઈ જૈન રહે, સીટી રોડ કિશનગઢ જી. અજમેર રાજસ્થાન જેનો મો.નં,. ૯૮૨૯૨૮૯૦૦૦૪ ની ભાગીદારીમાં શિવાજી રહે, અજમેર જેનો મો.નં, ૮૦૯૪૩૧૨૩૫૮ પાસે બોબડી લાઈન પર લખતો હોવાનું જણાવેલ છે. જે સદરી ઈસમને તા.૧૫/૦૪/૧૮ ના કલાક ૨૦/૧૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધું તપાસ હાથ ધરવામાં આવેલ છે. આમ એલીસબ્રીજ અર્બન હોટલના રૂમ નં ૨૦૨ માં ક્રિકેટ સટ્ટો રમી રમાડતા આરોપીને પો.સ.ઈ. શ્રી એ.પી.જેબલીયા અને સ્ટાફના માણસોએ ઝડપી પાડી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.